જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૩/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૪૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૯ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૦ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૫૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૪૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૪૩/૨૦૨૬**

એલીસબ્રીજઃ શિવ સ/ઓ કિશનભાઈ ગોહેલ (રહે. અમીત એપાર્ટમેન્ટ કલગી ચાર રસ્તા પાસે એલીસબ્રીજ) એ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૬ સવારના ૭/૪૫ થી ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા રૂમમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી (૧) એપલ આઈફોન ૧૫ પ્લસ કિમત રૂપિયા ૩૫,૦૦૦/– (૨) એપલ આઈફોન ૧૫ કિમત રૂપિયા ૫૦,૦૦૦/– (૩) વન પ્લસ ૭ મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/– (૪) રિયલ મી જીટી ૬.ટી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૨૦,૦૦૦/– (૫) રિયલ મી એક્ષ ટુ પ્રો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૩,૦૦૦/– જે પોતાના તથા સાહેદના તમામ મોબાઈલ ફોન કુલ કિમત રૂપિયા ૧,૩૩,૦૦૦/– મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.સી.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૪૪૪/૨૦૨૬**

કાગડાપીઠઃ ગુડીબહેન વા/ઓ નારાયણ રાવળ (ઉ.વ.૩૫)(રહે.માન સરોવર ફલેટ, દક્ષિણી સોસાયટી, મણીનગર) એ તા.૨૭/૦૩/૨૦૨૬ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૩/૨૦૨૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ગીતા મંદીર બસ સ્ટેશન પ્લેટ ફોર્મ નંબર–૧૧ ખાતે અમદાવાદ–સાગવાડાની બસમાં ચઢતી વખતે અજાણી વ્યક્તિએ ગુડીબહેનના પર્સમાંથી પ્લાસ્ટીકનો ડબો ચોરી કરી લીધો હતો. જે ડબામાં સોનાની બુટી એક જોડી કિમત રૂપિયા ૧,૭૫,૦૦૦/– અને સોનાની વિંટી કિમત રૂપિયા ૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦/– મતાની આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૪૫/૨૦૨૬**

નવરંગપુરાઃ પ્રજ્ઞાબહેન પંકજકુમાર શાહ (ઉ.વ.૫૭)(રહે.સેન્ટ્રોઇડ રેસીડેન્સી સ્વાતી સોસાયટી પાસે નવરંગપુરા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મિયાત્રા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી